| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | **બી. આર. ભટ્ટ** | **સુરત મહાનગરપાલિકા** | |
| | અપીલ અધિકારી અને | સ્લમ અપગ્રેડેશન વિભાગ | |
| | કાર્યપાલક ઈજનેર | બીજો માળ, જુની રાંદેર ઝોન ઓફિસ | |
| | મો.નં.૯૮૨૫૦૬૪૬૯૦ | તાડવાડી, રાંદેર રોડ, સુરત. | |

**પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૮/ ૨૦૧૮–૧૯, તા.૦૬/૦૩/૨૦૧૯**

અરજદારઃ- શ્રી વેંકન્ના સૌમૈયા વેમુલા

સામાવાળાઃ- જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષયઃ–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી વેંકન્ના સૌમૈયા વેમુલાની માહિતી માંગતી અરજી આઈ.ડી. નં. ૫૮૨, તા.૨૭/૧૨/૨૦૧૮ બાબત.

**સંદર્ભઃ–** (૧) અરજદાર મજકુરની પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૮/ ૨૦૧૮–૧૯, તા.૦૬/૦૩/૨૦૧૯.

(૨) અત્રેની કચેરીનો અપીલ અધિકારીશ્રીનો પત્ર ક્રમાંક :– એસયુસી/આરટીઆઈ/ આ./નં. ૧૯, તા.૦૬/૦૩/૨૦૧૯.

આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રી વેંકન્ના સૌમૈયા વેમુલાની આઈ.ડી. નં. ૫૮૨, તા.૨૭/૧૨/૨૦૧૮ ની અરજી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર સાઉથ–ઈસ્ટ(લિંબાયત) ઝોન, સુરત મહાનગરપાલિકાના પત્ર ક્રમાંક : ૧૯૮૯, તા.૨૮/૧૨/૨૦૧૮ થી તબદીલ થઈ અત્રે તા.૦૧/૦૧/૨૦૧૯ ના રોજ મળેલ છે. જેમાં અરજદારશ્રી દ્વારા વોર્ડ નં. ૨૩, ડુંભાલ ટેનામેન્ટમાં આવેલ બ્લોક નં. ડી/૩/૭૬ ને લગતી વિવિધ માહિતી મેળવવાની માંગણી કરેલ છે. સદરહુ આઈ.ડી. થી માંગેલ માહિતીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપ્રગેડેશન વિભાગ)એ તેઓના (૧) પત્ર નં. એસયુસી/આર.ટી.આઈ./આઉટ/નં. ૨૦૭, તા.૧૭/૦૧/૨૦૧૯ થી નમુનો–'ઘ' માં જાહેર માહિતી અધિકારી અને નાયબ શહેર વિકાસ અધિકારી, મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને મુદ્દા નં. ૩ ની આંશિક માહિતી માટે તબદીલ કરેલ છે. તેમજ (૨) પત્ર નં.એસયુસી/આર.ટી.આઈ./આઉટ/નં. ૨૦૯, તા.૧૭/૦૧/૨૦૧૯ થી નમુનો–'ગ' તથા તેને સુસંગત પત્ર નં. એસયુસી/આર.ટી.આઈ./આઉટ/નં. ૨૦૮, તા.૧૭/૦૧/૨૦૧૯ થી નમુનો–'ખ' માં માહિતી/દસ્તાવેજ મેળવવા રકમ જમા કરાવવા અરજદાર મજકુરને નીચે જણાવ્યા મુજબનો જવાબ પાઠવેલ છે.

મુદ્દા નં. ૩ : વોર્ડ નં. ૨૩ જે ડુંભાલ ટેનામેન્ટના રીડેવલપમેન્ટના કામે ડેવલપર દ્વારા વિકાસ પરવાનગીના પ્લાનો મધ્યસ્થ શહેર વિકાસ વિભાગમાં મંજુરી હેઠળ હોય અત્રે મંજુર થયેલ પ્લાનોની વિગત ઉપલબ્ધ નથી.

મુદ્દા નં. ૪ : વોર્ડ નં. ૨૩ માં ડુંભાલ ટેનામેન્ટમાં રી–ડેવલોપમન્ટ સ્કીમમાં બાંધકામ કરવાનું છે તે મિલ્કતદાર પાસે મિલ્કત લઈને બાંધકામ કર્યા પછી કોઈ રકમના હપ્તા લેવાના છે કે કેમ? તે અંગે રાજય સરકારશ્રીની જાહેર આવાસોનો પુનઃવિકાસ (રીડેવલપમેન્ટ ઓફ પબ્લીક હાઉસીંગ) યોજના – ૨૦૧૬ની વિગતો ધ્યાને લેવા વિનંતી. જેની નકલના પાના નંગ–૨૧ થવા જાય છે. જે નકલ નમુના–'ખ' માં જણાવ્યા મુજબ કુલ રૂા. ૫૮૫/– પૈકી રૂા.૪૨/– જમા કરાવ્યેથી આપશ્રીને પાઠવી શકાશે.

મુદ્દા નં. ૫ : વોર્ડ નં. ૨૩ માં ડુંભાલ ટેનામેન્ટમાં રી–ડેવલોપમન્ટ સ્કીમમાં બાંધકામ અંગેનું ટેન્ડર કોને ફાળવવામાં આવેલ છે તેનું સરનામુ તથા ટેન્ડરની કોપીની નકલના પાના નંગ–૨૫૯ અને ૫ નંગ નકશા થવા જાય છે. જે નકલ નમુના–'ખ' માં જણાવ્યા મુજબ કુલ રૂા. ૫૮૫/– પૈકી રૂા.૫૪૩/– જમા કરાવ્યેથી આપશ્રીને પાઠવી શકાશે.

ઉપરોકત અત્રેના વિભાગની પૂર્તતાના અનુસંધાને અરજદારશ્રી દ્વારા તા.૦૫/૦૨/૨૦૧૯ નાં રોજ રસીદ નં. ૨૦૦/૧૪૫ થી નમુનો–'ખ' માં જણાવ્યા મુજબ નિયત રૂા.૫૮૫.૦૦ પૈ. રકમ જમા કરાવેલ છે અને તા.૦૬/૦૨/૨૦૧૯ નાં રોજ રૂબરૂ અત્રેના વિભાગથી નમુનો–'ગ' માં જણાવેલ વિગતે તેઓશ્રી દ્વારા માંગ્યા મુજબની માહિતીની નકલો મેળવેલ છે.

સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ મજકુર અરજદારશ્રીએ 'નમુના–જ' હેઠળ પ્રથમ અપીલ અધિકારીશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગને ઉદ્દેશીને અપીલ કરી છે. જે અત્રે ઈનવર્ડ નં. એસયુસી/આરટીઆઈ/અપીલ/નં.૮, તા.૦૬/૦૩/૨૦૧૯ થી મળેલ છે. ત્યારબાદ પ્રથમ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા અરજદારશ્રી વેંકન્ના સૌમૈયા વેમુલાની સંદર્ભ–(૧) હેઠળના પત્રથી દર્શાવેલ પ્રથમ

અપીલના સંદર્ભે રૂબરૂ સુનાવણી તા.૧૨/૦૩/૨૦૧૯ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રાખવામાં આવેલ. અને તે અંગેની જાણ અરજદાર મજકુરને સંદર્ભ–(૨) હેઠળના પત્ર નં. એસયુસી/આરટીઆઈ/અપીલ આઉટ નં. ૧૯, તા.૦૬/૦૩/૨૦૧૯ થી કરવામાં આવેલ જે અન્વયે અરજદારશ્રી તા.૧૨/૦૩/૨૦૧૯ ના રોજ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ રૂબરૂ હાજર રહયા હતા. અને આઈ.ડી. નં. ૫૮૨ થી માંગેલ માહિતી પૈકી અત્રેના વિભાગ દ્વારા નમુનો–'ગ' માં પત્ર નં. એસયુસી/આર.ટી.આઈ./આઉટ/નં. ૨૦૯, તા.૧૭/૦૧/૨૦૧૯ થી પાઠવેલ માહિતીના મુદ્દા નં. ૩ અને ૪ બાબતે સ્પષ્ટતા/સમજ આપવા રજુઆત કરવામાં આવેલ.

જે અન્વયે જાહેર માહિતી અધિકારી તરફથી નીચે મુજબ સ્પષ્ટતા/સમજ આપવામાં આવેલ છે.

(૧) મુદ્દા નં. ૩ વિકાસ પરવાનગીના પ્લાનો બાબતે અત્રેથી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગમાં અરજી તબદીલ કરવામાં આવેલ અને તેઓ તરફથી અરજદારશ્રીને જવાબ પાઠવવામાં આવેલ છે. જેની નકલ અરજદારશ્રીએ અપીલ સાથે બિડાણ કરેલ છે. જે બાબતે તેમને વિસ્તૃત સમજણ આપવામાં આવેલ છે અને તેઓએ

(૨) મુદ્દા નં. ૪ બાબતે અત્રેથી અરજદાર દ્વારા મેળવવા જોગ નકલના નિયત પૈસા ભરવા બાદ આપવામાં આવેલ નકલમાં તેમને ઉપર મુજબની સ્પષ્ટતા અંગે સરકારશ્રીની પોલીસીની જોગવાઈ રૂબરૂ બતાવી વંચાવી તેમને સંતોષજનક જવાબ પુરો પાડવામાં આવેલ છે.

અપીલ અધિકારીશ્રીએ નીચે મુજબનો હુકમ કરેલ :

અરજદારશ્રી અત્રેની કચેરીએ ૪:૦૫ કલાકે આવેલ અને તેમની સુનાવણી તુરત જ શરૂ કરી ૪:૨૦ કલાકે પૂર્ણ થઈ ગયેલ એટલે કે પ્રથમ અડધો કલાકમાં જ પૂર્ણ થઈ ગયેલ હોય કોઈ ફી વસુલવાની રહેતી નથી. તેમજ ઉપર જણાવ્યા મુજબ અરજદારશ્રીને બતાવી, વંચાવી સમજણ આપવામાં આવેલ હોય, અપીલ બાબતે કશું કરવાનું રહેતું નથી.

**–: હુકમ :–**

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી વૈંકન્ના સૌમૈયા વેમુલાની તા.૨૭/૧૨/૨૦૧૮ ની અરજી આઈ.ડી. નં. ૫૮૨ બાબતે તા.૧૨/૦૩/૨૦૧૯ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે અત્રેની કચેરીએ હાજર રહેવા જણાવેલ. જે મુજબ તેઓ હાજર રહયા હતા. અરજદારની અરજી અન્વયે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી દ્વારા પત્ર નં. એસયુસી/આઉટ/નં. ૨૦૯, તા.૧૭/૦૧/૨૦૧૯ થી પાઠવવામાં આવેલ જે અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ નિયત સમયમર્યાદામાં પાઠવેલ છે તેમજ ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી/ખરાઈ કરવા અત્રેથી સદરહુ પત્રમાં જણાવેલ છતાં અરજદાર હાજર રહયા ન હતા. અરજદારને પાઠવેલ માહિતી ઉપલબ્ધ રેકર્ડ મુજબ જ પાઠવવામાં આવેલ હોય તેમજ અરજદારશ્રીએ રૂબરૂમાં પાઠવેલ માહિતી પૈકીની રજુઆત અંગે સ્પષ્ટતા / સમજ આપવા જણાવેલ જે પુનઃ તેઓશ્રીને બતાવી, વંચાવી સમજ આપવામાં આવેલ હોવાથી અરજદારની અપીલ અન્વયે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અરજદારની અરજી દફતરે કરવાનો હુકમ કરું છું.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર નં.– ૧૦/એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(બી. આર. ભટ્ટ)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

નં.એસયુસી/અપીલ/આ./ ૨૦
તારીખઃ– ૧૫/૦૩/૨૦૧૯